

## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

### સલામી સવારની..

*અનિર્ણાયક નેતાને 'અસ્તિત્વ'નો વિશ્વાસ નથી!*
*ડૂબતા પક્ષને તારવા ખૂદમાં વિશ્વાસ નથી!*
*વિશ્વાસ નથી પોતાના જ સભ્યોની મક્કમતામાં -*
*રહી નથી હિંમત કે હવે આત્મ-વિશ્વાસ નથી ?!*
*(વિકટ પરિસ્થિતિમાં પણ સૌને સંભાળે તે નેતા)*

**હાઈકુ**

*ભૂખ્યા વાંદરા*
*લલચાય લાંચથી -*
*મારે ગૂલાંટો...*
*(મદારીનો ધંધો)*

*'પહિંદ વિધિ'*
*સત્તા - રથયાત્રા,*
*સિદ્ધાંતો - સાફ!!*

### ચિંતન

*ઉપાધિસ્થોઽપિ તદ્ધર્મૈર્ન લિપ્તો વ્યોમવન્મુનિઃ ।*
*સર્વવિન્મૂકવત્તિષ્ઠેન્નાસક્તો વાયુવચ્ચરેત્ ॥*

**ઉપરોક્ત શ્લોક 'આત્મબોધ' માંથી લેવામાં આવેલ છે.**

**ઉપાધિમાં રહ્યાં છતાં મૂંગાની જેમ તેના ધર્મોથી લેપાતો નથી, સર્વજ્ઞ છતાં મૂંગાની જેમ રહે છે અને આસક્તિ પામતો નથી તે વાયુની જેમ વિચરે છે.**

**જ્ઞાની લોકો વિવેકને કારણે તટસ્થ થઈ જાય છે તટસ્થ એટલે એમને સુખ-દુઃખ, પીડા-ઉપાધિ, આરામ-આનંદનું કોઈ વિશેષ મહત્ત્વ રહેતું નથી. આમ સંત-મહાત્મા કોઈ પણ બાબતમાં લિપ્ત થતા નથી.**

**દુર્જનો કે સજ્જનોના વાણી-વર્તનથી એમને કોઈ અસર થતી નથી મોટે ભાગે મૌન રહી દુનિયાના રંગ જોતા રહે છે.**

### સુવિચાર

- ધર્મ એટલે પ્રેમ ઈશ્વર પ્રત્યેનો અને માનવ માત્ર પ્રત્યેનો - **ધર્મલોક**
- શ્રદ્ધા જ્ઞાન આપે છે, નમ્રતા માન આપે છે, યોગ્યતા સ્થાન આપે છે - **અમૃતબિંદુ**
- પોતાના હાથથી કામ કરવું એ સર્વોત્તમ કમાણી છે - **હદીસ બોધ**
- સત્ય ભાગ્યે જ સ્વચ્છ હોય છે અને સરળ તો કયારેય હોતું જ નથી - **ઓશો**
- વ્યક્તિની હિંમત પ્રમાણે જીવનનું વિસ્તરણ કે સંકોચન થાય છે - **બોધિવૃક્ષ**
- ભજનાનંદી એ છે કે જે ભીડમાં પણ પોતાનું એકાંત મેળવી લે છે - **મોરારિ બાપુ**
- આજનું ઔષધ : હળદરની ગાંઠને શેકી દાઢમાં દબાવવાથી દાઢના દુખાવાથી રાહત થાય છે

**(સંકલન : દીપક વી. આશરા)**

### બોધકથા

એ પ્રજાવત્સલ રાજા હતા. રાજયમાં પધારનાર દરેક જ્ઞાની, વિદ્વાન, કળાકાર, કવિ, ચિત્રકારનું યથાયોગ્ય સન્માન કરતા અને પુરસ્કાર આપતા. એકવાર એક શાસ્ત્રોના જાણકાર યુવાન દરબારમાં આવ્યો. રાજા તે યુવાનિના જ્ઞાન અને ચતુરાઈથી પ્રસન્ન થયા. તેમણે યુવાનને પુરસ્કારરૂપે બે પડીકાં આપ્યા. એક પડીકું વજનમાં ભારે હતું અને એમાં એક સોના મહોર હતી. જયારે બીજું પડીકું વજનમાં હલકું હતું. જેમાં માત્ર એક કાગળ હતો. યુવાનને કંઈ સમજાયું નહીં. તેણે પ્રશ્નસૂચક નજરે રાજા સામે જોયું. રાજાએ કહ્યું, 'આ બંને પુરસ્કારો તમારા માટે છે. તમે ઘરે જઈને જોજો અને આવતીકાલે દરબારમાં આવી મને જવાબ આપજો કે કયો પુરસ્કાર તમને વધુ મૂલ્યવાન લાગ્યો.' યુવાન ઘરે ગયો. પડીકું ખોલ્યું એકમાંથી સોના મહોર નીકળી બીજા પડીકામાંથી ફક્ત કાગળ નીકળ્યો. રાત સુધી યુવાન કાગળનું રહસ્ય પામવા મથી રહ્યો. દિવાની જયોત પાસે કાગળ લઈ ગયા ત્યારે કાગળ ઉપર એક શબ્દ ચમકી ઊઠ્યો. એ શબ્દો હતો 'શ્રદ્ધા' યુવાનના ચહેરા પર ખુશી થઈ. યુવાન બીજે દિવસે દરબારમાં ગયા. રાજાએ પૂછ્યું 'બોલો યુવાન. આપને કયો પુરસ્કાર મુલ્યવાન લાગ્યો.' યુવાને કહ્યું, 'મહારાજ આમ તો બંને પુરસ્કારો મૂલ્યવાન છે. સોનામહોર મારી બહારની ગરીબી દૂર કરશે, પણ એથીયે વધુ મૂલ્યવાન બીજો પુરસ્કાર, કારણ કે શ્રદ્ધા મારી આંતરીક નબળાઈનો નાશ કરશે. શ્રદ્ધા હશે તો બધુ જ શક્ય બનશે.' યુવાનના જવાબથી પ્રસન્ન થઈ રાજાએ યુવાનને મંત્રીપદ પુરસ્કારમાં આપ્યું.

# પાટનગરની આરોગ્ય સેવા સુધારીએ

**તંત્રીસ્થાનેથી...**

રાષ્ટ્રપિતા નામ સાથે જોડાયેલ ગુજરાતનાં બે નગરો પૈકી કચ્છના ગાંધીધામમાં જે સુવિધાઓ ઉપલબ્ધ છે તે રાજધાની ગાંધીનગરમાં નથી. દાખલા તરીકે અદ્યતન આરોગ્ય સુવિધાઓ. ગાંધીનગર ખરેખર રાજધાની હોય તો એની સિવિલ હોસ્પિટલ પૂર્ણપણે સરકાર દ્વારા અને અમદાવાદ, મહેસાણા કે સુરતની સિવિલ હોસ્પિટલો, વડોદરાની સયાજી હોસ્પિટલ કે જામનગરની ગુરુ ગોવિંદસિંહ હોસ્પિટલ જેવી સ્વનિર્ભર અને સંપૂર્ણ હોવી જોઈએ. એમાં GMERS જેવું પૂછજું શું કામ લગાડવું પડે ? બલકે ખરેખર તો ગાંધીનગરને એમ્સ જેવી સુપર સ્પેશિયાલિટી હોસ્પિટલ મળવી જોઈએ. પરંતુ ગુજરાતની રાજધાની ફક્ત વનરાજિ પૂરતી અમીર હતી - હવે તો એ મુદ્દે પણ ગરીબ બનતી જઈ રહી છે, ગાંધીનગરને એના આરંભકાળથી જ શતાબ્દી અને રાજધાની જેવી ટ્રેનો સાંપડવી જોઈતી હતી. અડવાણી જેવા ભાજપના વરિષ્ઠ નેતા જેઓ નાયબ વડાપ્રધાન સુધી પહોંચ્યા હતા અને જેમને મહેનતનાં ફળ આજના શાસકો આરોગી રહ્યા છે તે કેવું વિચિત્ર લાગે ! હમણાં નવા સમાચાર ચમક્યા છે કે ગાંધીનગરની સિવિલ હોસ્પિટલમાં સીટી સ્કેન મશીન આવ્યું છે ! સીટી સ્કેન મશીન અમદાવાદની અનેક ટ્રસ્ટ હોસ્પિટલો પાસે છે. એમઆરઆઈ ટેસ્ટ સવિશેષ ઝીણવટભરી તપાસક્રિયા છે, જેથી વધુ ચોક્કસ નિદાન કરી શકાય છે તથા સર્જરી કરવામાં અનુકૂળતા રહે છે. આવું મશીન મોંઘું હોય તો પણ સરકારી સિવિલમાં તો હોવું જ જોઈએ. ગરીબ દરદીઓને એમઆરઆઈ માટે પ્રાઈવેટ રેડિયોલોજી સેન્ટરોમાં ધકેલી દેવા એ તો નરી ક્રૂરતા છે. જેમને પોસાય છે અથવા જેમની પાસે મેડિકલેમ છે એ તો ફાઈવસ્ટાર હોસ્પિટલોમાં જ જવાના છે. એમને સરકારી હોસ્પિટલોના તોછડાઈભર્યા વ્યવહારનો ત્રાસ ના જ પોસાય. પરંતુ જે બિચારા મધ્યમ વર્ગના કે નીચલા વર્ગના લોકો આર્થિક મજબૂરીવશ સરકારી હોસ્પિટલોના આશરે આવતા હોય એમને પાછા ખાનગી ક્લિનિકોના મોંઘાદાટ ચાર્જ વસૂલી બાઈ બાઈ ચારણી કરાવવી એ શું આધુનિક ભારતના મોડલ સ્ટેટ જેવા ગુજરાતને શોભે છે ?

આપણે આશા રાખીએ કે ઠેરઠેર બિલાડીની ટોપ જેવી મેડિકલ કૉલેજો ખોલી વાહવાહી મેળવનારી રાજય સરકારે જિલ્લા કક્ષાની દરેક મેડિકલ કૉલેજ સાથે સંકળાયેલી હોસ્પિટલને તમામ અદ્યતન સુવિધાઓથી સજ્જ કરવી જોઈએ. આજે તો દરદીઓને રીતસર મેડિકલ ઉદ્યોગ ચલાવતા માલેતુજારો અને એમના મળતિયા ડૉકટરો લૂંટતા ફરે છે. આ લૂંટ અટકાવવાની રાજય સરકારની નૈતિક ફરજ છે. એને બદલે જો દરદીઓને પ્રાઈવેટ ક્લિનિકોના બલિના બકરા બનાવી દેવાશે તો એ ઘણી જ શોચનીય બાબત બની રહેશે. રાજય અને કેન્દ્ર સરકાર માટે પાયાની જરૂરિયાતો ગણાતા શિક્ષણ અને આરોગ્ય ક્ષેત્ર માટે પૂરતું ફંડ વાપરવાની માનસિકતા કેળવાય તે જરૂરી છે. આજે આ બેઉ ક્ષેત્રો ખાનગી ઉદ્યોગ જેવાં બની ગયા છે. શિક્ષણનું સ્તર ખાનગીકરણથી ઊંચું આવ્યું હોય તો પણ એથી સમાજમાં ઉચ્ચ અને નિમ્ન વર્ગો વચ્ચેની ખાઈ પહોળી બની છે, એમાં શંકાને સ્થાન નથી. મેડિકલ ઈન્ડસ્ટ્રી તો પૂરબહાર ખીલી છે. મા કાર્ડ જેવી યોજનાઓ જરૂર આવકારદાયક છે પરંતુ એથી જો પ્રાઈવેટ મેડિકલ ઈન્ડસ્ટ્રી જ પોષાતી રહેશ તો સરકારી હોસ્પિટલો પર કોનો ભરોસો રહેશે?

# સંબંધોના અજવાળાથી જીવન ઝળહળે છે



**અજવાળું - અજવાળું**
**તુષાર જોશી**

ટ્રીન ટ્રીન... ના ના, એ જમાનો હવે લગભગ પુરો થવામાં છે... એટલે કે લેન્ડલાઈન ફોન હવે બહુ ઓછા ઘરોમાં રહ્યા છે. હવે તો કોમ્પ્યુટર અને ટીવી પણ સ્માર્ટ ફોનમાં સમાઈ ગયા છે. આવા સ્માર્ટ ટાઈમમાં, સ્માર્ટ રીલેશનો વચ્ચે કહો કે વર્ચ્યુઅલ સંબંધોમાં જીવતા લોકો વચ્ચે પણ કેટલીક લાગણીથી લથબથ ઘટનાઓ બને છે ત્યારે લાગે છે કે જીંદગી સાચ્ચે જ જીવવા જેવી છે ને માણસો પણ એટલા જ પ્રેમથી આજેય ભીંજવી દે એવા છે.

અરે હા, વાત હતી ટેલિફોન રીંગની... સરસ મજાના મોબાઈલ ફોનમાં એવી જ સરસ મજાની રીંગટોન સેટ કરી હતી. વિજયે, ને એ ફોન રણક્યો.... એમાં નવું શું ? એનું કામ રણકવાનું જ વળી... નવાઈ આ ફોન રણકવાના સમયમાં હતી. રાત્રે આકેદા વાગે એ રીંગટોન વિજયને જગાડ્યો. કોણ ફોન કરતું હશે ? હાથમાં ફોન લીધો, ચશ્મા ચડાવ્યા ને નામ વાંચ્યું, 'અરે આ તો રશ્મિકાનો ફોન... એને વળી અત્યારે કેમ ફોન કરવો પડ્યો ?' આટલું મનમાંને મનમાં કદાચ એ બોલ્યો, એન કહ્યું, 'બોલ રશ્મિકા, બધું બરાબર ?' કેમ આ સમયે ફોન કરવો પડ્યો... આર યુ ઓકે ?' એકધારું એ બોલી ગયો. સામા છેડે રશ્મિકાએ પુરી સ્વસ્થતા સાથે કહ્યું, 'વિજયભાઈ, તમે સ્હેજ પણ ચિંતા ના કરો, વાત સાચી કે આવા સમયે તમને ફોન કર્યો... મુશ્કેલી છે પણ ખરી અને નથી પણ ખરી...' વિજયભાઈએ કહ્યું, 'જો, દોસ્ત આમ મોણ નાખીને વાત ના કર, સીધે સીધું કહી દે...' એટલે રશ્મિકાએ કહ્યું કે, 'વાત જાણે એમ છે કે અમે સહુ ઘરના સભ્યો મોટી બહેનના પરિવાર સાથે સિનેમા જોવા ગયા હતા. ઘરે પહોંચ્યા ત્યારે યાદ આવ્યું કે ચાવી કયાંક ખોવાઈ ગઈ છે. ઘરની ચાવી બહુ ગોતી - પણ જડતી નથી. અમે ઘરની બહાર બગીચામાં છીએ, દરવાજાને તાળુ છે ને માથે રાત છે.' સામેથી વિજયે કહ્યું, 'અરે, આમ હોય ? ઘરની ચાવી કિંમતી હોય છે એ તમે ખોઈ નાખો એવી કેવી બેકાળજી ? એમના અવાજમાં રહેલો ગુસ્સો પામી ગયેલી રશ્મિકાએ કહ્યું, 'કોઈ વાંધો નહિ, અમે તો ચોગાનમાં બેઠા છીએ... વહેલી સવારે કયાંકથી બેઠા છીએ... વહેલી સવારે કયાંકથી ચા-બિસ્કીટ લઈ આવીશું ને પછી તાળુ ખોલવાવાળાને બોલાવીશું... હવે અડધી રાથે કયાં એ આવશે ?'

એક્ચ્યુઅલી રશ્મિકાના બાળપણથી એટલે કે યુવાવસથાના ઊંબરેથી એને વિજયભાઈના પિરવાર સાથે પારિવારિક સંબંધ... દોઢ-બે દાયકા સુધી તમામ ઉત્સવો સાથે ઉજવ્યા... રશ્મિકા પરણી ગઈ પછી પણ એ સંબંધો સચવાયા - વિજયના પત્ની અને બાળકો પણ આ પારિવારિક સંબંધોની પુરી કદર કરે. વાતવાતમાં વિજયભાઈ ઘણીવાર એવું કહે કે, 'આપના પરિવારે મને અને મારા પરિવારને જે સ્નેહ આપ્યો છે તેનો ઋણી છું... તમે મને ગમે ત્યારે, ૨૪ X ૭ ફોન કરશો તો હાજર થઈશ....'

હવે આ વાક્ય પર ભરોસો રાખીને રશ્મિકાએ ફોન કર્યો હતો. રશ્મિકા મૂળ તોફાની સ્વભાવની, મજાક-મસ્તી-ધમાલ-સગા-વ્હાલાને હક્કથી ને પ્રેમથી હેરાન કરવું એને ગમે...

હવે આ તરફ વિજયે એની પત્નીને ઊંઘમાંથી જગાડી - આખી ઘટનાની વાત કરી... ચા બનાવી, થર્મોસમાં ભરી, પાણીનો જગને નાસ્તો લઈ, છોકરાઓને કહીને ઉપડ્યા રશ્મિકાના ઘરે... ૧૫-૨૦ મિનિટના અંતરે પહોંચ્યા તો ચોગામાં કોઈ નહિ... ચોકીદારે પણ કહ્યું કે એ લોકો તો આજે સવારથી ઘરમાં નથી... ફોન કર્યો રશ્મિકાને... તો કહે અમે તો ચોગાનમાં જ છીએ.... તમે કયાં છો ? અરે અમારા ઘરે નહિ, હું બોલી તો ખરી કે મોટી બેનના પરિવાર સાથે છે... અમે તો વડોદરા એમના ઘરે છીએ...'

વિજયને ના સમજાયું કે શું કરવું ? બહુ ગુસ્સે થયો સામે રશ્મિકા હસ્યા જ કરે... કહે હવે તમે ને ભાભી વડોદરા આવો એ બધું લઈને... આ તો તમે કહેતા હો ને કે તમે ત્યારે ફોન કરજો... એટલે તમને અવસર આપ્યો...' આખરે બંને તરફ બધા ખુબ હસ્યા... રશ્મિકા પાસેથી દંડ રૂપે પાર્ટી લેવાનું કહીને વિજયને એની પત્ની ઘરે ગયા.

વાત કાલ્પનિક લાગે પણ વાસ્તવમાં બનેલી છે. માનવીય સંબંધોમાં જે નાજુક પળો હોય છે ત્યારે જ પ્રેમ - વિશ્વાસ - પારિવારિકતા કસોટીની એરણે ચડે છે. આવી મસ્તીના કરાય એમ પણ કોઈ કહે પણ આવી મસ્તી જયાં કરાય એવા સંબધો હોય તો કરવી પણ જોઈએ...

તમે આવી મસ્તી કરી શકો, ટાણે-કટાણે ફોન કરી શકો, રાત્રે બધા સુઈ ગયા હો ત્યારે ડોરબેલ મારીને જગાડી શકો, ને પાછા કહી શકો કે બસ, તમને જોવા જ આવ્યો હતો - આવું બધ્ધું જ કરી શકો એવા સંબંધો હોય તો તમારા જીવનમાં સંબંધોના અજવાળાથી જીવન ઝળહળે છે.

# ઉત્તર આપો : અસ્તિ કશ્ચિત્ વાક્ વિશેષઃ ?



**વિચારયાત્રા**
**ડો. જય ઓઝા**

કાલિદાસ સચ સચ બતલાના !
ઈંદુમતી કે મૃત્યુશોક સે
અજ રોયા યા તુમ રોયે થે ?
કાલિદાસ સચ સચ બતલાના !
વર્ષા-ઋતુ કી સ્નિગ્ધ ભૂમિકા
પ્રથમ દિવસ આષાઢ માસ કા
દેખ ગગન મેં શ્યામ ઘનઘટા
વિધુર યક્ષ કા મન જબ ઉચટા
ચિત્રકૂટ કે સુભગ શિખર પર
ખડે-ખડે તબ હાથ જોડકર
ઉસ બેચારે ને ભેજા થા,
જિનકે હી દ્વારા સંદેશા,
ઉન પુષ્કરાર્વત મેઘોં કા
સાથી બનકર ઉડને વાલે
કાલિદાસ સચ સચ બતલાના !
પર-પીડા સે પૂર-પૂર હો
થક થક કર ઔ, ચૂર-ચૂર હો
અમલ-ધવલગિરિ કે શિખરોં પર
પ્રિયવર તુમ કબ તક સોએ થે ?
કાલિદાસ, સચ સચ બતલાના !
રોયા યક્ષ કિ તુમ રોએ થે ?

- નાગાર્જુન

અષાઢ મહિનો આવે અને 'મેઘદૂત' કે કાલિદાસ યાદ ન આવે, તો સમજવું કે બાયપાસ સર્જરી કરાવવાની જરૂર છે... હૃદયની એ નળી કે જેના દ્વારા આપણી સંવેદના અને સાહિત્યની આ ઉત્તમોત્તમ કૃતિ અને તેના રચનાકાર કાલિદાસ દ્વારા રચિત ભાવવિશ્વ તરફ કોઈ હૃદય ઝણઝણાટી ન અનુભવે તો હૃદયની એ નળીને અનિવાર્ય પણે બદલવી જ રહી કે જે આપણી આંતરિક ચેતના ભાવ વિશ્વને યંત્રવત્ બનાવી દેતી હોય. બાકી માત્ર સંસ્કૃતજ્ઞ માટે જ નહીં અપિતુ સૌ ભારતીયો માટે જે પ્રાતઃસ્મરણીય નામ છે તે કવિવર કાલિદાસનો આ અષાઢ માસ સાથે ગાઢ નાતો છે.

શરુઆતમાં કવિવર નાગાર્જુન લિખિત 'કાલિદાસાંજલિ' વાંચવામાં કદાચ સંસ્કૃત પ્રચુર શબ્દોથી ભરપૂર કવિતા આપને લાગી હશે, પરંતુ આપ ફરીવાર આ કવિતા વાંચી જાવ. એક કવિ કે કૃતિકાર જયારે પોતાની રચના રચતો હોય છે, ત્યારે તેના પાત્રો સાથે તેનું સંધાન એવું તો સધાતું હોય છે કે, તે સ્વયં જ પાત્ર બની જાય છે.

ગયા બુધવારે અષાઢ માસના પ્રથમ દિવસે 'સંસ્કૃત સાહિત્ય અકાદમી' અને 'સંસ્કૃત ભારતી' સંસ્થાના સહિયારા ઉપક્રમે દર વર્ષની જેમ આ વખતે પણ 'સંસ્કૃતોત્સવ' ઉજવાઈ ગયો... રાજયના સંસ્કૃત વિદ્વાનોને સમ્માનવાના આ કાર્યક્રમની શરુઆતથી સંસ્કૃતભાષાનું સ્તર જે ઊંચાઈ પર છે, ત્યાં સુધી આપણને પહોંચાડવાનું સ્તુત્ય પગલું લેવાઈ રહ્યું છે, તે અભિનંદનીય છે.

જે દેવભાષા - સંસ્કૃતને હાંસિયામાં ધકેલી દેવાના ભરપૂર આયાસ આપણે ત્યાં થયા છે, તે ભાષામાં કેવાં કેવાં ઉત્કૃષ્ટ, અદ્‌ભૂત અને વિશ્વવંદ્ય ગ્રંથો રચાયા હતા, તેની યાદી બનાવીએ તો તો કાગળોના કાગળો ઓછા પડે, અને આપણે બધાં જાણીએ છીએ કે જે ભાષાનો જનસામાન્ય દ્વારા વ્યવહારમાં બોલચાલમાં ઉપયોગ થતો હોય, તેનું જ સાહિત્ય અધિક સર્જાતુ હોય છે. તો જે રાષ્ટ્રમાં ચૌરે ને ચૌટે માત્ર સંસ્કૃત ભાષા જ બોલાતી હતી તેવા મહાન દેશમાં આજે સંસ્કૃત ભાષાને ત્રીજી ભાષા તરીકે પ્રસ્થાપિત કરવી હોય તો ભરપૂર વિરોધનો સામનો કરવો પડે છે. તે શોચનીય બાબત છે.

કાલિદાસના જીવન વિશેની અનેક લોકવાયકાઓમાંથી પ્રસિદ્ધ એવી એક કિંવદન્તિ 'વિદ્યોત્તમા' નાટીકા રૂપે 'સંસ્કૃત ઉત્સવ' માં સુંદર રીતે પ્રસ્તુત કરાઈ. રાજાની ખૂબ જ વિદ્વાન અને સૌંદર્યની મૂર્તિ સમી કુંવરીના વિવાહ દ્વેષીલા રાજમંત્રીના કાવતરાના કારણે મૂર્ખ અને મૂઢમતિ એવા અણઘડ યુવાન સાથે કરાવી દેવામાં આવે છે. પરંતુ સત્ય ઉજાગર થતાં જ 'વિદ્યોત્તમા' તે મૂર્ખને કાઢી મૂકે છે, અને તેનો અસ્વીકાર કરે છે... તે યુવાન અમાનિત થઈને માતા કાલીની ઉપાસના કરે છે, અને માંની કૃપા પ્રાપ્ત થતા તે કાલિદાસ સમગ્ર વિશ્વમાં પ્રસિદ્ધ એવા સંસ્કૃત સાહિત્યકાર બની જાય છે. કાળક્રમે 'વિદ્યોત્તમા' સાથે વળી ભેટો થાય છે, અને બંને ભૂતકાળ ભૂલીને આગળ વધે છે. તે સમયે વિદ્યોત્તમા માત્ર ટીખર ખાતર તેને સવાલ પૂછે છે... કે 'અસ્તિ કશ્ચિત્ વાગ્નિવેષશઃ ?' (શું તમારી બોલીમાં કોઈ ફેર પડ્યો છે?)

કાલિદાસ આ પ્રશ્નનો ઉત્તર તેની આગવી શૈલીમાં આપે છે, અને આ ત્રણ શબ્દોનો ઉપયોગથી તેઓ ત્રણ વિશ્વપ્રસિદ્ધ બનેલ કાવ્યોનો પ્રારંભ કરે છે.

૧) અસ્તિ ઉત્તરસ્યાંદિશિ દેવતાત્મા હિમાલયો નામ નગાધિરાજ...
(કુમારસંભવમ્)

૨) કશ્ચિત્ કાન્તા વિરહગુરુણા સ્વાધિકારપ્રમત્તઃ ....
(મેઘદૂતમ્)

૩) વાગર્થાવિવ સંપૃક્તૌ વાગર્થ પ્રતિપત્તયે...
(રઘુવંશમ્)

આવા અસામાન્ય અને અમાનવીય શ્રેષ્ઠતા ધરાવતા જ્ઞાની કવિને વિશ્વવંદ્ય વ્યક્તિત્વને આપણે શી રીતે વિસ્મરી શકીએ ?

ઉપરોક્ત પ્રસંગ જણાવ્યો તે પ્રસંગને 'વિદ્યોત્તમા' નાટ્યરૂપે રજૂ કરનાર હતી - સરકારી નિવાસી શાળામાં ભણતી દીકરીઓ. માત્ર ત્રીસ દિવસની તૈયારી પછી તેઓ આટલું ભજવી શકી તેના માટે સમગ્ર નાટ્યવૃંદ અભિનંદનના અધિકારી છે. સંસ્કૃત તો માત્ર અમુક વર્ગવિશેષની જ ભાષા છે. તેવો દુષ્પ્રચાર કરનારાઓને જોરદાર પ્રત્યુત્તર તો એ હતો કે સંસ્કૃતમાં વાતો કરતી અને નાટક ભજવી શકતી એ બધી દીકરીઓ અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિમાં જન્મેલી હતી. અમુક વર્ગ અને જાતિમાં વિભાજીત કરતી સંકીર્ણ માનસિકતાનું ઉન્મૂલન પણ સંસ્કૃત દ્વારા જ શક્ય છે, તે અહીં તાદશ થયું.

સંસ્કૃત ભાષાની વિટંબણા એ છે, કે આ ભાષાને સહુ વંદનીય તો ગણે છે, અને ડ્રોઈંગરૂમમાં સજાવટના સામાનની જેમ રાખવામાં ગૌરવ અનુભવે છે... પરંતુ વાસ્તવમાં આ ભાષાની પૂજા કરવી હોય, તેને માન આપીને જો પોતે સન્માનીત થવું હોય તો તેનો ઉપયોગ વારંવાર ડગલે ને પગલે કરવો પડશે... આપણી દેવભાષાનું ઉત્તમોત્તમ સાહિત્ય અનિવાર્યપણે દરેક ભારતીયના ઘરમાં હોવું જ જોઈએ અને, મૂળ સંસ્કૃત પાઠ સાથે તેનો અનુવાદ વાંચીને તેની જ વાતો, તેના પ્રસંગો આપણા બાળકોને સંભળાવવાની ટેવ પાડવી પડશે...

લગ્ન પ્રસંગે 'મેઘદૂતમ્' જેવો પ્રણયની પરકાષ્ઠા સમો ગ્રંથ નવદંપતીને આપીને તેના જેવી પ્રણય ભાવના વિકસાવવાની પ્રેરણા આપી શકાય. એક મેઘને ટપાલી બનાવીને પ્રિયતમાને સંદેશો પાઠવવાની અજોડ રીત આજની વ્હોટ્સએપની ફોરવર્ડેડ પંક્તિઓ મોકલતા યુવક-યુવતીઓને વાંચવા સમજવા મળે તો પ્રેમની અસલ અભિવ્યક્તિ કરતા શીખશે...

કોઈના નવા સાહસના, નવી દુકાનના ઉદ્‌ઘાટન પ્રસંગે ચાણક્યનીતિ કે શુક્રનીતિનો અનુવાદિત ગ્રંથ આપીને તેને વ્યવસાય દરમિયાન આવતા દરેક પાસાંઓની પરિસ્થિતિ સૂચક વેળાએ નિર્ણય કરવામાં મદદરુપ થઈ શકીએ...

જન્મદિવસે કે વાસ્તુ પ્રસંગે આવા સંસ્કૃત સાહિત્યના અણમોલ ગ્રંથ ભેટ રૂપે આપવાની અને તેને વાંચવાની આદત વિકસાવીએ...

રામાયણ, મહાભારત, ગીતા કે પુરાણને લાલ કે પીળા રેશમી વસ્ત્રોના આવરણમાંથી કાઢીને માત્ર પૂજા કરવા કે માથે નમન કરવા પૂરતા ન રાખીને તેના જીવન ઉપયોગી શ્લોક-પ્રસંગોને વાંચીને તે મુજબ વર્તવાની આદત કેળવીએ - ભગવદ્ ગીતાને લાલ પોથીમાંથી બહાર કાઢીને જો ફરજિયાતપણે તેના દરેક અધ્યાય કે શ્લોકને હૃદયસ્થ કરીશું તો, કોર્ટમાં ખાલી ખાલી ગીતા પર હાથ રાખીને સત્ય બોલવાના સોગંધ નહીં ખાવા પડે.

'અસ્તિ કશ્ચિત્ વાગ્વિશેષઃ' આ સવાલ તે સમેય તો વિદ્યોત્તમાએ કાલિદાસને પૂછ્યો હતો, પરંતુ આજે સ્વયં કાલિદાસ આપણને પૂછવા માંગતા હશે કે... સંસ્કૃતભાષાના જ્ઞાન વગર, તેના સાહિત્યને વાંચ્યા વગર 'અસ્તિ કશ્ચિત્ વાગ્વિશેષઃ?' આ પ્રશ્નનો ઉત્તર આપવા આપણે કમર કસવી જ રહી.

- jayuoza@gmail.com
Mo.9898046488

# ...અને એ યુગલે આંતરખોજ કરીને સુખનું સરનામું શોધી લીધું



**આત્મનાદ**
**પુલક ત્રિવેદી**
pulak63@gmail.com

**નથી થયું જે કદી એ થવાનું લાગે છે,**
**હવામાં ફુલ કોઈ ઉગવાનું લાગે છે...**

**- જીગર જોષી 'પ્રેમ'**

દુનિયામાં બધાને સુખી થવુ છે પણ સુખ શેમાં છે અને ક્યાં છે એની સમજ નથી પડતી. ખરેખર સુખ એટલે શું ? ક્યારેક કોઈ મકાન કે પછી કોઈ વ્યંજન સુખ આપે છે. તો કોઈવાર એમ લાગે કે, દીકરી, દીકરો, પત્નિ, પતિ, મિત્ર કે કોઈ સગા વહાલામાં વ્યક્તિ સ્વરૂપે સુખ મળે છે. વળી કોઈક વાર હીરા, ઝવેરાત કે સંપત્તિમાં સુખની સુગંધ આવે છે. જ્યારે સામે કાળમુખી તલવાર લઈને ઉભેલો કોઈ લુટારો 'સંપત્તિ આપ નહીંતર માટી ભેગો કરી દઉં... 'એવી ત્રાડ પાડે ત્યારે એક સમયે જે અબજો રૂપિયા અને કરોડોના જર ઝવેરાતને સુખ સમજતા હતા તે દુઃખનુ મોટુ કારણ બની જતું લાગે. આ બધુ સુખ નહીં પણ સુખ હોવાનો ખ્યાલ છે. કોઈ વ્યક્તિ કે કોઈ વસ્તુ સુખ સાચુ સુખ છે ખરૂ ? ક્યારેય તમે તમારી જાત માટે સુખી થવાનો પ્રયત્ન કરી જોયો છે ? સાચી વાત તો એ છે કે, આપણને પોતાની જાતને સુખ આપવાની વાત ખબર જ નથી. બહારથી મળતી અને હાથમાં પકડેલી વસ્તુ જ સુખની વ્યાખ્યા બની ગઈ છે.





સુખી બનવાની દોડમાં પોતાની જાતને સુખ આપવાની વાત જ ભુલાઈ ગઈ છે. પોતાની જાત માટે સુખી થવું છે એ વાતને પકડવી પડે. જ્યારે વ્યક્તિ પોતાની જાતને સુખી કરવાનો પ્રયાસ કરતો હોય છે ત્યારે એની આસપાસથી વહેતી હવામાં પણ સુખની સુગંધ વહેતી હોય છે. ચિંતક ફીલ બોસમન્સે 'ગીવ હેપીનેસ એ ચાન્સ' નામનું મજેદાર પુસ્તક લખ્યું છે. આ પુસ્તક બેસ્ટ સેલર શ્રેણીમાં એટલે આવ્યું કે બધા લોકો સુખ શોધવાની રેસમાં છે. સાદી ભાષામાં કહીએ તો જીવનમાં સુખને એક અવસર આપવાનો નિષ્ઠાપૂર્વક પ્રયાસ બીજાને નહીં પણ પોતાની જાતને સુખી કરવાની ચેતનામાં રહેલો છે.

કુસુમ અને ધર્મેન્દ્રસિંહ એક એવું દંપત્તિ છે કે એમણે એમની જાતને સુખી કરવા માટે ખુલ્લા દિલે સભાન પ્રયાસ કર્યો છે. થોડા ફ્લેશ બેકમાં જઈએ. વાત છે ૧૯૯૭ના વર્ષની. બહેન કુસુમના પિતાજી રાજપીપળામાં ફોરેસ્ટ ઓફિસર હતા. એના પિતાજી નેચર લવર અને નિજાનંદને માણનારા. દીકરી કુસુમને લગ્ન બાદ એક બાળક દત્તક લઈને એને ઉછેરવાની હોંશ. આ માટે એને અંતરનો સાદ પણ ખરો. એણે પિતાને આ વાત કરી. ફોરેસ્ટ ઓફિસર પિતાને રાજપીપળા વિસ્તારમાં સમાજ સેવા કરતાં ચંપકલાલ કાકા સાથે સારો સંપર્ક હતો. એ અરસામાં જ ચંપકલાલને એક દીકરી બિનવારસી હાલતમાં મળી આવી. ચંપકલાલ કાકા આ બિનવારસી બાળકીને ઉછેરવા લાગ્યા. કુસુમના પિતાને આની જાણ થતાં એમણે કુસુમને ચંપકલાલ કાકા પાસેની બિનવારસી બાળકી જોવા બોલાવી.

બહેન કુસુમ અને તેના પતિ ભાઈ ધર્મેન્દ્રસિંહ તો મારતે ઘોડે રાજપીપળા પહોંચ્યા. પળનો પણ વિલંબ કર્યા વગર આ યુગલે બાળકીને દત્તક લઈ લીધી. એમને તો જે જોઈતુ હતું એ મળી ગયું. એમના આ પગલાંનો સમાજમાં પ્રથમ વિરોધ પણ થયો. પણ આ યુગલ એમના નિર્ણયમાં અફર રહ્યું. કાનુની પ્રક્રિયાઓ પુર્ણ કરી એમણે બાળકીને કાયદેસર રીતે એમની દીકરી તરીકે અપનાવી. એનો લાડકોડથી ઉછેર કરવા લાગ્યાં. બાળકી દત્તક લીધા બાદ બે ત્રણ વર્ષમાં જ કુસુમબહેનને સારા દિવસો રહ્યાં. બહેન કુસુમને પોતાની આ દત્તક દીકરીમાં 'દુર્ગા'ના દર્શન થતાં. એમણે એનુ નામ પણ દુર્ગા જ રાખ્યું. કુસુમબહેનનો નિજાનંદ દુર્ગાના ઉછેરમાં લાગતો. એમણે એબોર્શન કરાવી લીધું. આ દંપતિએ પોતાની જાત સાથે સંવાદ કરી સુખી થવાનો માર્ગ ખોળી કાઢ્યો હતો.

આજે તો ફોરેસ્ટ ઓફિસર પિતા હયાત નથી એમનો સ્વર્ગવાસ થઈ ગયો છે પણ બહેન કુસુમ હંમેશા કહે છે કે, 'મારા સુખનો મોટો ખજાનો 'દુર્ગા' સ્વરૂપે મારા પિતાએ મને આપ્યો છે. મારા પિતાજીએ આપેલી અવિસ્મરણીય 'ગીફ્ટ' એટલે દુર્ગા.' દીકરી 'દુર્ગા' ફેશન ડિઝાઈનીંગનો અનુસ્નાતકનો અભ્યાસ કરી ફેશન ડિઝાઈનર બની ગઈ છે. દત્તક દીકરી દુર્ગા, માતા કુસુમબેન અને પિતા ધર્મેન્દ્રસિંહ અંતરનાદ પામી સુખના સાગરમાં હિલોળા લઈ રહ્યા છે.

કુસુમના નિજાનંદની વાતનું બીજું પણ એક અનોખુ પાસું છે. એમના ઘરમાં જાવ અને ચકલીનું ચીં ચીં, કોયલનું કુહુ કુહુ અને કાબરનો કલબલાટ ન સાંભળવા મળે એ વાતમાં દમ નથી. એમના ઘરમાં માટલાના અનેક ચકલી ઘર છે. લોકોને ચકલી દેખાતી નથી પણ બહેન કુસુમ અને ભાઈ ધર્મેન્દ્રના ઘરમાં ચકલીઓ ચીં ચીં કરતી નિરાંતે ઉડાઉડ કરતી જોવા મળે છે. ચકલી ઉપરાંત દરજીડો, દૈયક, લક્કડખોદ, કબુતર, બુલબુલ, શ્વેત નૈના, પતરંગો વગેરે જેવા ત્રેસેક જેટલા પંખીઓનો મેળો એમના ઘરે રોજ જામે છે.

કુસુમ પરિવારના જાત સાથેના આનંદની વાત બહારી સુખ કરતા આંતરિક સુખની પરિભાષાને સમજાવવા માટે પુરતી છે. જ્યારે તમે તમારી ચેતનાના સાચા રાહ ઉપર ચાલો છો ત્યારે સાચા છો. તમે જ તમારા સાચા મિત્ર છો. તમારા સુખનું સરનામું તમે પોતે જ છો. માણસ પોતે જ પોતાનો શત્રુ છે અને પોતે જ પોતાનો મિત્ર છે. કોઈ બીજું તમારા સુખનું કારણ ક્યારેય ન બની શકે. મહાવીર કહે છે કે, જ્યારે બીજાનાં કારણે સુખ મળે છે એવા અવલંબનનું આવરણ હટે તો સુખનો સાગર મળે. જીવન દુઃખદાયક એટલે લાગે છે કે આપણે આપણી જાત સાથે જ શત્રુતા પાળી રાખી છે.

બીજાનું નામ લઈને વ્યક્તિ પોતાની જાતને હંમેશા સંતાડવા માગતો હોય છે. આપણે પોતાની જાતને જોવા જ તૈયાર નથી. એક મિત્રએ આનંદનો આફતાબ વ્યક્ત કરતો સુંદર મેસેજ એના બીજા મિત્રને ફોરવર્ડ કર્યો. એના શબ્દોમાં થોડા પરિવર્તન સાથે પોતાની જાતમાં આનંદને ખોળવાની કોશીષ કરીએ. 'જ્યાં અંતરથી લાગણી થઈ અને પ્રેમ મળ્યો ત્યાં ડુબી જવાની મોજ છે, નફરતની તો ઐસીતૈસી. મન મળે ત્યાં મૈત્રી બનાવી બેસી જઈએ, સમયની તો ઐસી તૈસી. દુનિયા ક્યાં જીતવી છે જાતને ઓળખી, સુખી થઈ જાઉં પછી ધબકારાની તો ઐસી તૈસી...'

**ધબકાર :**
**પોતાની જાત સાથે સંવાદ કરી જુઓ, દરીયા જેટલું સુખ ઉછાળા મારતું બહાર આવશે.**